eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 284
August 12, 2011



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૬/૦૮/૨૦૧૧ ના રોજ ડી.કે.એમ. શહેરી આરોગ્ય કેન્દ્ર, કોટસફીલ રોડ, સુરત ખાતે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૦/૦૮/૨૦૧૧ના રોજ યોજાયેલ વેશભુષા સ્પર્ધાનું પરિણામ



ભારતીય રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વેશભુષા હરિફાઈનું આયોજન તા. ૧૦/૦૮/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કતારગામ કોમ્યુનીટી હોલ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ૧૫ મી ઓગષ્ટઃ સ્વાતંત્ર્યદિનની કતારગામ ઝોન વિસ્તારમાં થનાર ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ હરિફાઈમાં કતારગામ ઝોન વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૬૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગર પાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૬/૦૮/૨૦૧૧ ના રોજ ડી. કે. એમ. શહેરી આરોગ્ય કેન્દ્ર, કોટસફીલ રોડ, સુરત ખાતે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, રુગ્ણાલય સમિતિ અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતી, મસ્કતિ ધમાર્થ હોસ્પીટલ સલાહકાર સમિતિ અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર પાટીલ, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ દક્ષાબેન જરીવાલા, શ્રીમતિ ઉર્મિલાબેન રાણા, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ. દેસાઈ, સેન્ટ્રલઝોનના ઝોનલચીફ શ્રી એમ.ડી.દારૂવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.પટેલ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ડી.કે.એમ./ક્ષેત્રપાળ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. સુરત મહાનગરપાલિકા ૭૫૦ બેડની સ્મીમેર હોસ્પીટલ, ૧૨૦ બેડની મસ્કતિ હોસ્પીટલ તેમજ ૩૭ જેટલા હેલ્થ સેન્ટરો મારફતે શહેરની જનતાને સારવાર અને પ્રિવેન્ટીવની કામગીરી કરવામાં આવે છે. ૧૪ જેટલી મોટી હોસ્પિટલોમાંથી તથા વિવિધ ઝોનમાંથી સેન્ટીનલ સેન્ટરો ઉપરથી દૈનિક રોગચાળા અંગેની માહિતી એકત્રીત કરી મોનીટરીંગ કરવામાં આવે છે તથા જરૂર જણાયે મોબાઈલ મેડીકલ ટીમ મારફતે ત્વરિત કામગીરી કરવામાં આવે છે. વિવિધ રોગોનું નિદાન નાગરીકો પોતાના ઘર આંગણે કરી શકે તે માટે ચોમાસા દરમ્યાન દર શનિવારે વિવિધ વિસ્તારોમાં આવા મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે.

મસ્કતિ ધમાર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિના અધ્યક્ષ ડો.રવિન્દ્ર પાટીલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે ફકત સુરત મહાનગરપાલિકા જ આવા વિના મુલ્યે નિદાન/સારવાર કેમ્પોનું આયોજન કરે છે. ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે. જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર/નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. આરોગ્ય ખાતાની કામગીરીને બિરદાવી હતી.

આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબને રાણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે તેમ જણાવી આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી. હાલમાં દવા તથા નિદાન/સારવાર મોંઘી હોય ગરીબ/મધ્યમ વર્ગના લોકોને ઘર આંગણે સુવિધા પ્રાપ્ત થતી હોય તેનો લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા જણાવ્યું હતુ. ગુજરાતમાં સૌ પ્રથમ આ પ્રકારના મેડીકલ કેમ્પો સુરતમાં થઈ રહયા છે જે બતાવે છે કે સુરત મહાનગરપાલિકાને આપણા આરોગ્યની ચિંતા છે. ઘરવપરાશનો કચરો ગમે ત્યાં ન નાંખતા ડોર ટુ ડોર કચરાગાડીમાં અથવા નજીકમાં આવેલ કચરાપેટીમાં નાખવા નાગરીકોને અપીલ કરી હતી.

**Continue …**

રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતીએ સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું. દરેક નાગરિકોએ પોતાના ઘરની તથા આજુબાજુની સાફ સફાઈ કરવી જોઈએ. જો આપણી આજુ બાજુના વિસ્તારની સાફ સફાઈ સારી રીતે થયેલ હશે તો રોગચાળાનું પ્રમાણ પણ ઓછું જોવા મળશે.

શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહે, પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુકે, આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોથી બચવા આવા કેમ્પોનું આયોજન કરે છે.જેમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા આરોગ્યનું નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો મહત્તમ લાભ લેવા જનતાને અપીલ કરી હતી. આવા કેમ્પોનો મુખ્ય હેતુ ખાસ કરીને સ્લમ વિસ્તારના લોકોને વિના મુલ્યે સારવાર આપવાનો છે. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્યલક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે. જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે. સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યું હતું.

મા. ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવાએ જણાવ્યું હતું કે, છેવાડાની જનતાને વિના મુલ્યે આરોગ્યલક્ષી સેવાનો લાભ મળે તે માટે આ પ્રકારના કેમ્પો યોજવામાં આવે છે. ચોમાસામાં ગંદકી ન કરવા, પાણીનો ભરાવો ન થાય તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું. સાથે ખુલ્લો ખોરાક, ઠંડાપીણા, વાસી ફળફળાદી ન ખાવા અપીલ કરી હતી. સગર્ભા બહેનો માટે સરકાર દ્વારા આંગણવાડી મારફતે પૌષ્ટીક આહાર પુરો પાડવામાં આવે છે જે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ચોમાસા દરમ્યાન મેલેરીયા તથા અન્યરોગોનું પ્રમાણ વધુ જોવા મળતું હોય સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ડી.કે.એમ. શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ **૩૮૪** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા **૫૫**, ચામડીના નિષ્ણાત દ્વારા **૯૦**, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા **૫૦**, બાળરોગ નિષ્ણાત દ્વારા **૭૫**, ફિઝીશયન દ્વારા **૦૯**, સર્જન દ્વારા **૦૪**, મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા **૧૦૧** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના **૧૭** દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ **૨૫** પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. **૧૬** દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી **૩૦૦૦** પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. **૨૦૦૦** કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવેલ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ **૫૦૦**, કોપર ટી–૧, ઓરલ પીલ્સ ત્રણ પેકેટ, આયર્ન ફોલીક એસીડ ૧૨૦૦ ટેબલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા **૦૫** બાળકોને ડીપીટી, **૦૫** બાળકોને પોલીયો, **૦૪** બાળકોને ઓરી, **૦૨** બાળકોને ટી. ટી. ની રસી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખઃ૧૫/૦૮/૧૧ના રોજ ડો.શ્યામાપ્રસાદ મુખર્જી ગાર્ડન, કાંસાનગર પાસે, ખુલ્લા મેદાનમાં, કતારગામ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**

**TOP**

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૦/૦૮/૨૦૧૧ના રોજ યોજાયેલ વેશભુષા સ્પર્ધાનું પરિણામ

ભારતીય રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વેશભુષા હરિફાઈનું આયોજન તા. ૧૦/૦૮/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કતારગામ કોમ્યુનીટી હોલ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. ૧૫ મી ઓગષ્ટઃ સ્વાતંત્ર્યદિનની કતારગામ ઝોન વિસ્તારમાં થનાર ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ હરિફાઈમાં કતારગામ ઝોન વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૬૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.






| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | ગોલવિયા અવની હરિભાઈ | રાઠોડ જાનકી શાંતિભાઈ |
| દ્વિતીય | કાપડિયા સીફા ઝહુરઅહમદ | પટેલ ઈશાન જે. |
| તૃતીય | સોનિયા માંગીલાલ પ્રજાપતિ | વિજુંડા વિમલ ખિમજીભાઈ |
| આશ્વાસન વિજેતા | વાઘેલા કરૂણા રાજેશભાઈ<br>વરીયા અંજલિ જીતેન્દ્રકુમાર<br>ટાંક હિરલ મહેન્દ્રભાઈ<br>ઉષા અશોક પાટીલ<br>મકવાણા કેવલ વિનોદભાઈ | ગોસ્વામી ભાગ્યશ્રી જોગેન્દ્રપુરી<br>વરિયા નિલમબેન કાંતિલાલ<br>જીતુરી રીચી દીક્ષનભાઈ |

વેશભૂષા હરિફાઈના વિજેતાઓને મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવા, કાયદા સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, મ્યુ. સદસ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, શ્રી વિનોદભાઈ ગજેરા, શ્રી પરષોત્તમભાઈ માંગુકિયા, શ્રી વિનોદકુમાર ગજેરા, શ્રીમતી મુકતાબેન વરીયાના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ હરિફાઈમાં ભાગ લેનાર તમામ હરિફોને સ્મૃતિભેટ (લ્હાણી) અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી પૂર્ણિમાબેન ઘડિયાળી અને મિરલ કેળાવાલાએ સેવા આપી હતી. આ પ્રસંગે અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP